१

भारतीय गैर न्यायिक

एक सौ रुपये Rs. 100

रु. 100 ONE HUNDRED RUPEES

सत्यमेव जयते

भारत INDIA

INDIA NON JUDICIAL

13 JUL 2017

ગુજરાત गुजरात GUJARAT

BA 761377

સ્ટે.વે.ર.નં. ૬૮૨૩ તારીખ: ૧૩/૭/૨૦૧૭ રૂ. ૧૦૦/-

ખરીદનારનું નામ : મનિષ માંગીલાલ જૈન.

સરનામું : ૧૮/એ, સુદામાપુરી સોસાયટી, માંજલપુર વડોદરા.

હસ્તે : કલ્પેશકુમાર ગાંધી

ગાંધી અરૂણકુમાર રામકૃષ્ણ ❖ A.R.Gandhi

તાડ ફળીયા, લાલકોર્ટ સામે, ❖ સ્ટેમ્પ વેન્ડરની સહી

રાજમહેલ રોડ, વડોદરા-૧. ❖ સ્ટેમ્પ વેન્ડર/લા.નં.૭/૯૯

NOTARIAL NOTARIAL

FIVE RUPEES NOTARIAL FIVE RUPEES NOTARIAL

NOTARY K. S. TAI DIST. VADODARA (GUJ.) REG. NO. 8626 / 2011 VALID UP TO 19-09-2021 GOVT. OF INDIA

Regd. No. : 9518
Date : 14/07/2017

NOTARY K. S. TAI DIST. VADODARA (GUJ.) REG. NO. 8626 / 2011 VALID UP TO 19-09-2021 GOVT. OF INDIA

## :: સોગંદનામું ::

સૂચિત પરિયોજનાના પ્રમોટર **શ્રી મનિષ માંગીલાલ જૈન**, ઉ.વ.આ.૪૭, ધંધો-વેપાર, રહેવાસી, ઠે.૧૮/એ, સુદામાપુરી સોસાયટી, માંજલપુર, વડોદરા ધ્વારા તેઓની તારીખ :૨૮.૧૨.૨૦૧૬ ની અધિકૃતી હેઠળ યોગ્ય રીતે અધિકૃત કરવામાં આવેલ સોગંદનામા સહ એકરાર.

હું **મનિષ માંગીલાલ જૈન**, સૂચિત પરિયોજનાનો પ્રમોટર/સૂચિત પરિયોજનાના પ્રમોટર ધ્વારા યોગ્ય રીતે અધિકૃત કરાયેલ વ્યકિત, આથી શપથપૂર્વક નીચે મુજબનો એકરાર કરું છું અને ખાતરી આપું છું કે…,

૧. હું/પ્રોટર, પરિયોજનાનો વિકાસ જેના પર કરવાનું વિચારાયું છે તે જમીન અંગેના કાયદેસર હકો ધરાવું છું/ધરાવે છે. અને

૨. આ જમીનના માલિકીહકની કાયદામાન્ય અધિકૃતિ અને રીયલ એસ્ટેટ સંબંધી પરિયોજનાના વિકાસ માટે માલિક અને પ્રમોટર વચ્ચે થયેલા કરારની અધિકૃત નકલ આ સાથે જોડવામાં આવેલી છે.

૩. ઉપર જમીન સંપૂર્ણરીતે બોજા મુકત છે.

૪. મારા/પ્રમોટર ધ્વારા પરિયોજના ૩ વર્ષ સમયગાળામાં પુરી કરવામાં આવશે.

૫. એલોટીઝ પાસેથી રીયલ એસ્ટેટ સંબંધી પરિયોજના માટે મારા/પ્રમોટર ધ્વારા વખતોવખત મેળવવામાં આવેલી રકમોના ૭૦ ટકા, બાંધકામ અને જમીનસંબંધી ખર્ચ માટે, કોઈ શિડયુલ્ડ બેન્કમાં એક અલગ ખાતામાં રાખવામાં આવશે અને તેનો ઉપયોગ તે જ હેતુ માટે કરવામાં આવશે.

૬. પરિયોજનાના ખર્ચને આવરી લેવા માટે અલગ બેન્ક ખાતામાંથી રકમ પરિયોજના જેટલા ટકા પૂરી થઈ હશે એટલા પ્રમાણમાં ઉપાડવામાં આવશે.

૭. અલગ બેન્ક ખાતામાંથી રકમ, જેની પ્રેકિટસ ચાલુ હોય એવા એક એન્જિનિય, એક આર્કિટેકટ અને એક ચાટર્ડ એકાઉન્ટન્ટ ધ્વારા એ મતલબનું પ્રમાણપત્ર આપવામાં આવ્યા પછી જ ઉપાડી શકાશે કે ઉપાડ પૂરી થયેલી પરિયોજનાની ટકાવારીના પ્રમાણમાં જ છે.

૮. હું/પ્રમોટર, પ્રત્યેક નાણાકીય વર્ષ પૂરું થયાના છ મહિનાની અંદર હિસાબોનું ઓડિટ,જેની પ્રકિટસ ચાલુ હોય એવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસે, કરાવીશું અને આવા ચાર્ટર્ડ એકાઉટન્ટ ધ્વારા યોગ્ય રીતે પ્રમાણિત કરવામાં આવેલું અને તેમની સહી સાથેનું હિસાબપત્રક રજુ કરીશું અને ઓડિટ દરમિયાન એ બાબતની ખરાઇ કરવામાં આવશે કે કોઇ ચોકકસ પરિયોજના માટે એકઠી કરવામાં આવેલી રકમનો ઉપયોગ તે પરયોજના માટે જ કરવામાં આવ્યો છે અને નાણાંનો ઉપાડ પરિયોજનાની પૂર્ણતાની ટકાવારીના પ્રમાણમાં કરવામાં આવ્યો છે.

૯. હું/પ્રમોટર, સક્ષમ સત્તામંડળો પાસેથી તમામ પડતર મંજુરીઓ સમયસર મેળવી લઇશું.

૧૦. મેં/પ્રમોટરે, અધિનિયમ હેઠળ ઘડવામાં આવેલ નિયમો અને વિનિયમો અન્વયે નિર્દિષ્ટ કરવામાં આવ્યા હોય એવા અન્ય દસ્તાવેજો રજૂ કર્યા છે.

તારીખ : ૧૪.૦૭.૨૦૧૭

સ્થળ : વડોદરા.



..............................

(શ્રી મનિષ માંગીલાલ જૈન)

NOTARY K. S. TAI DIST. VADODARA (GUJ.) REG. NO. 8626 / 2011 VALID UP TO 19-09-2021 GOVT. OF INDIA

SOLEMNLY AFFIRMED BEFORE ME

14/7/17

(K. S. TAI) NOTARY (GOVT. OF INDIA)